सत्यमेव जयते

ગુજરાત સરકાર

# અંદાજપત્ર


## (૨૦૨૪-૨૫)

# નાણા મંત્રી

# શ્રી કનુભાઈ દેસાઈનું

# પ્રવચન

## (ભાગ-ખ)




**ગુજરાત વિધાનસભા**

**૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માનનીય અધ્યક્ષશ્રી,**

**સને ૨૦૨૪–૨૫ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત ₹૯૦૦.૭૨ કરોડની રહેશે.**

**અંદાજપત્રના ભાગરૂપે હવે હું, વર્ષ ૨૦૨૪–૨૫ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.**

કોવિડ–૧૯ની વૈશ્વિક મહામારીના કારણે લોકોની આર્થિક ગતિવિધિઓ પરની નકારાત્મક અસરને દૂર કરવા આત્મનિર્ભર ભારત પેકેજની સમાંતર રાજ્ય સરકારે પણ વિવિધ વર્ગોને અન્ન સલામતી માટે રાહત દરે અન્ન વિતરણ તથા સ્ટેમ્પ ડ્યુટી, મોટર વાહન કર, વીજળી શુલ્ક, પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી. પરના મૂલ્યવર્ધિત વેરામાં રાહતો આપેલ છે.

**સ્ટેમ્પ ડ્યુટી**

હાલમાં રજિસ્ટર્ડ સહકારી ક્રેડિટ સોસાયટી પાસેથી ₹૫૦૦૦ થી વધુ રકમનું ધિરાણ મેળવતા સભાસદોએ હાલના નિયમ મુજબ એગ્રિમેન્ટ લેખમાં ₹૩૦૦ અને જામીનખતમાં ₹૩૦૦ મળીને કુલ ₹૬૦૦ની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાની થાય છે. આવું ધિરાણ સામાન્યતઃ મધ્યમ વર્ગના અને ઓછી આવક ધરાવતા લોકો તેમના વ્યવસાય, રોજગાર અને ખેતીની પ્રવૃત્તિની જરૂરિયાત માટે લેતા હોય છે. અમારી સરકારે રજિસ્ટર્ડ સહકારી ક્રેડિટ સોસાયટીના સભાસદો ₹૫૦ હજાર સુધીનું ધિરાણ લેશે તો તેવા કિસ્સામાં આ સ્ટેમ્પ ડ્યુટી માફ કરવાનો નિર્ણય લીધેલ છે. આ નિર્ણયથી અંદાજિત ૯ લાખ સભાસદોને આશરે ₹૫૪ કરોડની રાહત થશે. તેઓની ખરીદશક્તિમાં વધારો થવાથી રાજ્યની આર્થિક ગતિવિધિઓને પ્રત્યક્ષ અને પરોક્ષ વેગ મળશે, રોજગારીનું સર્જન થશે અને પરિણામે આત્મનિર્ભર ગુજરાતની અને તે થકી માન. વડાપ્રધાનશ્રીની આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર થશે.

**મોટર વાહન વેરો**

માન. વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ ૨૦૨૧માં ગ્રીન ગ્રોથ સાથે સરક્યુલર ઈકોનોમી માટે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવાના ઉદ્દેશથી વ્હિકલ સ્ક્રેપિંગ નીતિની દેશવ્યાપી જાહેરાત કરવામાં આવેલ હતી. જેનો મુખ્ય હેતુ વાહન પ્રદૂષણના કારણે પર્યાવરણને થતી હાનિ અટકાવી, વાહનોની ખામીના કારણે થતા માર્ગ અકસ્માતમાં ઘટાડો કરી લોકોને વધુ Fuel Efficient અને પર્યાવરણની દૃષ્ટિએ લાભદાયી વાહનો ખરીદવા પ્રેરિત કરવાનો છે. આ હેતુસર રીકરીંગ વેરો ચૂકવતા વાહન માલિકો પોતાના ૮ વર્ષથી જૂના વાહનો જો નોંધાયેલા વ્હિકલ સ્ક્રેપર્સ મારફતે સ્ક્રેપ થવા મોકલશે તો તેવા તમામ વાહનો પર બાકી મોટર વાહન વેરો, વ્યાજ, દંડ અને મોટર વ્હિકલ એક્ટ હેઠળના કોઈ ચલણ પડતર હોય તો તેની વસૂલવાપાત્ર માંડવાળ ફી સહિત તમામ જવાબદારી માફ કરવા એક વર્ષ માટે માફી યોજના લાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ નિર્ણય થકી અંદાજે ૫૨૦૦૦ વાહન માલિકોને ₹૭૦૦ કરોડની રાહત થશે. તેઓ પણ આ વાહનને સ્ક્રેપ કરાવી તેની સામે અદ્યતન ટેક્નૉલૉજીવાળા નવા વાહનો ખરીદવા પ્રેરિત થશે. જેના કારણે સરકારની કર આવકમાં પણ વધારો થશે.

**ટેક્સેશન લૉઝ એમેન્ડમેન્ટ એક્ટ**

વિદેશી રોકાણથી માંડીને ઉદ્યોગ અને વેપાર–ધંધા માટે ગુજરાત રાજ્ય હંમેશાંથી પ્રથમ પસંદ રહેલ છે. જેનું મુખ્ય કારણ રાજ્ય સરકારની *Ease of Doing Business*ના ખ્યાલને સાર્થક કરતી આકર્ષક ઔદ્યોગિક નીતિઓ રહેલી છે. વધુમાં રાજ્ય સરકારે વિવિધ કરવેરા કાયદાઓને આવરી લઇને કરવેરા કાયદા સુધારા અધિનિયમ, ૨૦૨૩ને અમલમાં મૂકેલ છે. આથી, કરદાતાઓને સમયસર કર ભરવામાં કસૂરના કિસ્સામાં દંડનીય વ્યાજના ભારણમાંથી મોટી રાહત થયેલ છે.

**જીએસટી સેવા કેન્દ્ર**

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્ય "વ્યાપાર–ધંધાની સરળતા, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ"ની સંકલ્પના સાકાર કરવામાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. GSTના અમલીકરણથી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું 'એક રાષ્ટ્ર, એક કર, એક બજાર'નું સ્વપ્ન હવે સાકાર થયું છે.

જીએસટી નોંધણી પ્રક્રિયા વધુ સરળ, મૈત્રીપૂર્ણ અને ઝડપી બનાવવા GST સેવા કેન્દ્રની નવીન વ્યવસ્થા ચાલુ કરેલ છે. ગુજરાતના વાપી ખાતેથી કેન્દ્રીય જી.એસ.ટી.ના સહયોગથી સર્વપ્રથમ ૧૨ GST સેવા કેન્દ્રો દેશને સમર્પિત કરી કાર્યાન્વિત કર્યા છે. આ વ્યવસ્થા અમલમાં આવતાં સારાં વેપારીઓ માટે સરળ નોંધણી વ્યવસ્થા ઉભી થતાં કરચોરી અટકશે અને બીજા લોકોના દસ્તાવેજોનો દુરૂપયોગ કરી ખોટા/બોગસ રજીસ્ટ્રેશન નંબર લેનાર લોકોને અટકાવી શકાશે. જે અન્ય રાજ્યોને અનુસરવા માટે એક રોલ મોડલ સાબિત થશે તેવો મને વિશ્વાસ છે.

**ગુજરાત સરકારના અનેકવિધ પગલાંઓ થકી માન. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતની સંકલ્પનામાં ગુજરાત નવીન સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે.**

**આ વિકાસયાત્રા સતત આગળ ધપતી રહે તે માટે આ અંદાજપત્રમાં વિદ્યમાન વેરાના દરમાં કોઈપણ ફેરફાર નહીં કરવાની અને નવા કોઈ વેરા નહીં નાખવાની, હું જાહેરાત કરું છું.**

**સમાપન**

સને ૨૦૨૪–૨૫ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

(રકમ ₹ કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજ અનુસારની પુરાંત | | **(+) ૯૦૦.૭૨** |
| (૨) | કરવેરામાં સૂચિત વધારો | **(+) ૦.૦૦** | |
| (૩) | કરવેરામાં સૂચિત ઘટાડો | **(–) ૭૫૪.૦૦** | |
| (૪) | એકંદર અંદાજીત પુરાંત | | **(+) ૧૪૬.૭૨** |

**માનનીય અધ્યક્ષશ્રી,**


મેં મારા અંદાજપત્ર પ્રવચન ભાગ–ક માં કહ્યું તેમ વિકાસની પરિકલ્પનાના પાંચ સ્તંભ થકી વિકાસને સંવર્ધિત કરી વિકસિત ગુજરાત@૨૦૪૭ના નિર્માણ થકી વિકસિત ભારત@૨૦૪૭નું સ્વપ્ન સાકાર કરવાનો અમારો આ સંનિષ્ઠ પ્રયાસ છે. અમે ગુજરાતના દરેક નાગરિકના સર્વાંગી કલ્યાણ અને ટકાઉ આર્થિક વિકાસને માટે હંમેશાં સમર્પિત રહ્યા છીએ.

અમૃતકાળના પ્રારંભે જ્યારે સૌ ગરવાં ગુજરાતીઓ રાષ્ટ્રના વિકાસયજ્ઞમાં આહૂતિ આપી રહ્યાં છે ત્યારે આ સભાગૃહના માધ્યમથી હું સૌને શુભેચ્છા–સહ–અભિનંદન આપું છું.

**જય જય ગરવી ગુજરાત,**

**સન્માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.**

***********



# વિકસિત ગુજરાત @૨૦૪૭

H-618-300-01-2024

ડિઝાઇન, પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

सत्यमेव जयते


GOVERNMENT OF GUJARAT

# BUDGET

## (2024-25)

## SPEECH
## OF
# SHRI KANUBHAI DESAI
## MINISTER OF FINANCE

## (PART-B)




GUJARAT LEGISLATIVE ASSEMBLY

2nd February, 2024

**Hon'ble Speaker Sir**,

**As per the Budget estimates, the overall surplus for the year 2024-25 will be ₹900.72 Crore.**

**Now, I present the tax proposals for the year 2024-25.**

To overcome the adverse impact of the Covid pandemic, the Government of India had announced the *Aatma Nirbhar Bharat* package. In line with this package, the State Government had also announced a slew of relief measures for the people. This included the distribution of food at concessional rates to various sections of society in order to ensure food security, relief in the rates of taxes like Stamp Duty, Motor Vehicle Tax, Electricity Duty, VAT on Petrol, Diesel, CNG and PNG.

**Stamp Duty**

Members of registered cooperative credit societies, availing loans of more than ₹5000 pay a stamp duty of ₹300 for the articles of agreement and ₹300 for surety, totaling ₹600 under prevailing rates. This type of small loan is generally availed by low and middle income group of people for their businesses, employment or for the requirements in inputs for agriculture.

The government has decided to waive this stamp duty in case of members of such registered cooperative credit societies availing loans up to a limit of ₹50 thousand. This decision will extend a relief of approximately ₹54 crores to around 9 lakh members. Any increase in the purchasing power of our lower and middle income groups will serve to increase aggregate demand and boost economic activity and employment thereby leading to the realisation of an *Aatma Nirbhar Gujarat,* as part of the Hon'ble Prime Minister's vision of an *Aatma Nirbhar Bharat*.

**Motor Vehicle Tax**

The vehicle scrapping policy was announced in the year 2021 by the Hon'ble Prime Minister with a view to creating a strong ecosystem for a circular economy with green growth. The main objective was to prevent the damage caused to the environment due to vehicular pollution, reduce road accidents due to vehicle defects and encourage people to buy more fuel efficient and environment friendly vehicles. In order to achieve this objective I announce an amnesty scheme for one year to waive off all liabilities of Motor Vehicle Tax, interest, penalty and any challans under Motor Vehicle Act due on such vehicles, including outstanding compounding fees on condition that, vehicle owners within the recurring tax structure pass on their more than 8 years old vehicles for scrapping.

This decision will provide tax relief of around ₹700 crores to approximately 52,000 vehicle owners. This will also incentivise such vehicle owners to buy new more environment friendly vehicles and will contribute to an increase in the tax revenue of the government.

**The Taxation Laws Amendment Act**

Gujarat has become a popular destination for foreign investors, industry and trade. One of the reasons for this is the state government's attractive industrial policies and the state's commitment towards ensuring ease of doing business. One of the recent initiatives to ensure ease of doing business is the introduction and implementation of the Taxation Laws Amendment Act, 2023 which has reduced the rate of penal interest in cases of default in the payment of tax on time.

**GST Seva Kendra**

**Hon'ble Speaker Sir,**

The historic tax reform of GST has resulted in realisation of the dream of *One Nation, One Tax, One Market* of Hon'ble Prime Minister Shri Narendra Modi.

A system of GST Seva Kendras has been introduced in Gujarat to make GST registration process easier and faster for the taxpayers. 12 GST Seva Kendras have been dedicated to the nation and made operational with the support of central GST authorities. The inauguration of these was done at Vapi, Gujarat. This measure will also facilitate genuine taxpayers and prevent people from resorting to impersonation by using false documents to obtain registration. This initiative of Gujarat has proven to be a role model for other states to follow.

**Through its various initiatives, the Government of Gujarat is working hard to achieve new landmarks in the realisation of the Hon'ble Prime Minister's vision of an *Aatma Nirbhar Bharat*.**

**I propose no change in the existing tax rates and no new taxes are proposed to be levied in this budget to further accelerate growth of the state.**

**Conclusion**

**The final position for the budget estimates for the year 2024–25 will be as follows :**

(₹ In crores)

| | | | |
|---|---|---|---|
| (1) | Surplus as per Budget estimates | | **(+) 900.72** |
| (2) | Proposed increase in Taxes | **(+) 00.00** | |
| (3) | Proposed relief in Taxes | **(-) 754.00** | |
| (4) | Estimated overall Surplus | | **(+) 146.72** |

**Hon’ble Speaker Sir,**


As I stated in part-A of my budget speech, these announcements are part of our efforts to realise the dream of *Viksit Bharat@2047* through development of *Viksit Gujarat@2047* by accelerating the development process with focus on the five pillars of development. We continue to dedicate ourselves to the overall welfare and development of every citizen of Gujarat.

At the beginning of this period of *Amrit Kaal* when every proud Gujarati has resolved to contribute to national development, I extend my best wishes and congratulate each and every citizen of Gujarat through the medium of this eminent house.

***Jay Jay Garvi Gujarat,***

**I lay the Budget before this august House for consideration.**

*******



VIKSIT GUJARAT@2047

H-619-300-01-2024

Design, Process & Printed @ Government Central Press, Gandhinagar